AMITA HEALTH

Alexian Brothers Behavioral Health Hospital; Alexian Brothers Medical Center; Holy Family Medical Center; Mercy Medical Center; Resurrection Medical Center; Saint Francis Hospital; Saint Joseph Hospital – Chicago; Saint Joseph Hospital-Elgin; Saint Joseph Medical Center; Saints Mary and Elizabeth Medical Center; St. Alexius Medical Center; St. Mary's Hospital; કાર્યરત ચિકિત્સક પ્રેક્ટિસ્સ

## નાણાકીય સહાય નીતિનો સારાંશ

AMITA Health, ઉપર સૂચિબદ્ધ આરોગ્ય મંત્રાલયો સહિત, જેઓ આરોગ્યસંભાળ સેવાઓ પ્રવેશ કરવા માટેના અવરોધો સાથે સંઘર્ષ કરે છે, તે પ્રત્યેક વ્યક્તિના ગૌરવ માટે વિશેષ ચિંતા, પ્રતિબદ્ધતા અને આદર રાખે છે. AMITA Health તેના આરોગ્યસંભાળની સંસાધનોને, સમગ્ર સમુદાયની સેવા તરીકે સંચાલિત કરવાની સમાન પ્રતિબદ્ધતા છે. આ સિદ્ધાંતોને આગળ વધારતાં, AMITA Health એ ચોક્કસ વ્યક્તિઓને આર્થિક સહાય પૂરી પાડે છે કે જેઓ AMITA Health પાસેથી કટોકટી અથવા અન્ય આવશ્યક તબીબી સંભાળ મેળવે છે. આ સારાંશ AMITA Healthની નાણાકીય સહાય નીતિની સંક્ષિપ્ત ઝાંખી પૂરી પાડે છે.

## કોણ લાયક છે?

જો તમે ઇલિનોઇસના રહેવાસી હોવ તો તમે આર્થિક સહાય મેળવી શકશો. ફેડરલ ગરીબી સ્તરની સરખામણીમાં તમારી કુલ ઘરેલું આવક દ્વારા નાણાકીય સહાય સામાન્ય રીતે નક્કી થાય છે.

- જો તમારી આવક ફેડરલ ગરીબી સ્તરના 250% કરતા ઓછી અથવા બરાબર છે, તો તમે જે ચાર્જ માટે જવાબદાર છો તેના ભાગ પર તમે 100% ચેરિટી કેર રાઈટ ઓફ લઈ શકો છો.
- જો તમારી પાસે વીમો નથી અને તમારી આવક ફેડરલ ગરીબી સ્તરના 250% કરતા વધારે છે પરંતુ ફેડરલ ગરીબી સ્તરના 600% કરતા વધુ ન હોય, તો તમને સ્લાઇડિંગ સ્કેલ પર છૂટનો દર મળી શકે છે.
- જો તમારી પાસે વીમો છે અને તમારી આવક ફેડરલ ગરીબી સ્તરના 250% કરતા વધારે છે પરંતુ ફેડરલ ગરીબી સ્તરના 400% કરતા વધુ ન હોય, તો તમે સ્લાઇડિંગ સ્કેલ પર છૂટનો દર મેળવી શકો છો.
- જો તમારા પર કટોકટી અને તબીબી રીતે જરૂરી એવી સંભાળ માટે કોઇ તબીબી દેવું હોય, જે તે તમારી આવક કરતા 20% વધારે હોય તો, તમે ડિસ્કાઉન્ટ મેળવવાને પાત્ર છો.

જો તમારી પાસે ફેડરલની ગરીબીના સ્તર કરતા 600% ગણી વધારે સંપત્તિઓ હોય તો, તમે નાણાકીય સહાયતા પ્રાપ્ત કરવાને પાત્ર ના પણ બની શકો. જે દર્દીઓ નાણાકીય સહાય માટે લાયક છે તેમની પાસેથી લાયક સંભાળ માટે

સામાન્ય રીતે વીમા કવરેજવાળા દર્દીઓને આપવામાં આવતી બિલની રકમ કરતા વધારે ભાવ લેવામાં આવશે નહિ.

**<u>કઈ સેવાઓ આવરી લેવામાં આવી છે?</u>**

નાણાકીય સહાય નીતિ કટોકટી અને અન્ય તબીબી રીતે જરૂરી કાળજીને લાગુ પડે છે.  આ શબ્દો નાણાકીય સહાય નીતિમાં વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે.  અન્ય તમામ સંભાળ આર્થિક સહાય નીતિ દ્વારા આવરી લેવામાં આવતી નથી.

**<u>હું કેવી રીતે અરજી કરી શકું?</u>**

નાણાકીય સહાય માટે અરજી કરવા માટે, તમે સામાન્ય રીતે લેખિત અરજી પૂરી કરશો અને સહાયક દસ્તાવેજો આપશો કે જે નાણાકીય સહાય નીતિ અને નાણાકીય સહાય નીતિ અરજીમાં દર્શાવેલ છે.

**<u>હું અરજી બાબતે કેવી રીતે મદદ મેળવી શકું?</u>**

નાણાકીય સહાય નીતિ અરજી ની સહાય માટે, તમે AMITA Health નો સંપર્ક 888-693-2252 પર કૉલ કરીને, amitafinancialassistance@amitahealth.org પર ઇમેઇલ દ્વારા, અથવા લેખિત કરી શકો છો:

AMITA Health PFS

Attention: Financial Assistance Department

1000 Remington Blvd., Suite 110

Bolingbrook, IL 60440

**<u>હું વધુ માહિતી કેવી રીતે મેળવી શકું?</u>**

નાણાકીય સહાય નીતિ અને નાણાકીય સહાય નીતિ અરજી ફોર્મની નકલો https://www.amitahealth.org/patient-resources/pay-your-bill/financial-assistance અને ઉપર સૂચિબદ્ધ આરોગ્ય મંત્રાલયો પર ઉપલબ્ધ છે.  નાણાકીય સહાય નીતિ અને નાણાકીય સહાય નીતિ અરજીની મફત નકલો ઉપરના સરનામાં પર મેલ દ્વારા લખીને પણ મેળવી શકાય છે. નાણાકીય સહાય નીતિ વિશેની વધારાની માહિતી પણ amitafinancialassistance@amitahealth.org પર ઇમેઇલ દ્વારા અથવા 888-693-2252 પર ટેલિફોન દ્વારા ઉપલબ્ધ છે.

**<u>જો હું પાત્ર નથી તો શું?</u>**

તમે નાણાંકીય સહાય નીતિ હેઠળ નાણાકીય સહાયને પાત્ર ન હો તો, તમે અન્ય પ્રકારની સહાય માટે પાત્રતા ધરાવતા હોઈ શકો છે. વધુ માહિતી માટે, કૃપા કરીને AMITA Health હેલ્થનો ટેલિફોન દ્વારા 888-693-2252 પર સંપર્ક કરો; અથવા ઉપર વર્ણવ્યા અનુસાર ઇમેઇલ દ્વારા અથવા લેખિત રૂપે સંપર્ક કરો.

**નાણાકીય સહાય નીતિ, નાણાકીય સહાય નીતિ અરજી અને સૂચનાઓ અને આ સાદા ભાષાનો સારાંશ અમારી વેબસાઇટ પર અને વિનંતી પર નીચેની ભાષાઓમાં ઉપલબ્ધ છે:**

English; Español (Spanish); Polski (Polish); Tagalog (Filipino); 简体中文 (Simplified Chinese);
漢語 (Traditional Chinese); 한국어 (Korean); Deutsch (German); اُردُو (Urdu); ગુજરાતી (Gujarati);
Русский (Russian); Italiano (Italian); हिंदी (Hindi); Français (French); Ελληνικά (Greek);
Tiếng Việt (Vietnamese); 日本語 (Japanese); Srpski (Serbian); ภาษาไทย (Thai); Kreyòl (Haitian Creole);
босански (Bosnian); ភាសាខ្មែរ (Khmer); Hrvatski (Croatian); فارسی (Farsi); العربية (Arabic)